For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### દાંડિયાબજારની વિન્ટેજ હોટલમાં બનેલી ભેદી ઘટનાથી પોલીસ દોડતી થઇ

# ડેટિંગ એપ મારફતે બે ગે યુવકો મધ્યરાત્રીએ મળ્યા હોટલમાં રોકાયા બાદ અચાનક એક યુવકનુ મોત

**મૃતદેહનો** કબજો મેળવી પોસ્ટમોર્ટમ માટે એસએસજી હોસ્પિટલ ખસેડાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.19

દાંડિયાબજારના મુખ્ય માર્ગ પર આવેલી વિન્ટેજ હોટલમાં મોડી રાત્રે એક યુવકના રહસ્યમય સંજોગોમાં મોતથી ચકચાર મચી ગઈ હતી. ડેટિંગ એપના માધ્યમથી સંપર્કમાં આવેલા બે યુવકો હોટલમાં રોકાયા હતા. દરમિયાન 29 વર્ષીય યુવક હોટલના રૂમમાં પડી ગયો હતો ત્યારબાદ તેને અન્ય રૂમમાં ખસેડવામાં આવ્યો હતો, પરંતુ તેનું મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ થતાં રાવપુરા પોલીસ સહિતના ઉચ્ચ અધિકારીઓ તાત્કાલિક સ્થળ પર દોડી ગયા હતા. લાશને પીએમ અર્થે ખસેડી ચોક્કસ કારણ જાણવા તજવીજ હાથ ધરાઈ છે.

મળતી માહિતી મુજબ પાણીગેટ વિસ્તારમાં રહેતો 29 વર્ષીય યુવક ગુલામ મુસ્તુફા ગે હતો. દરમિયાન ગુલામ મુસ્તુફા ડેટિંગ એપના માધ્યમથી 31 વર્ષીય ગે કિશન વસાવાના સંપર્કમાં આવ્યો હતો. મંગળવારે મોડી રાત્રે આશરે ત્રણ વાગ્યાના અરસામાં બંને દાંડિયાબજાર વિસ્તારમાં આવેલી વિન્ટેજ હોટલના રૂમ નંબર 302માં રોકાયા હતા. દરમિયાન રાત્રિના લાઈટ જવાના કારણે અંધારામાં 29 વર્ષીય ગુલામ મુસ્તુફા અચાનક પડી જતાં બંનેએ હોટલ સંચાલકો પાસે અન્ય રૂમની માંગણી કરી હતી ત્યારે તેમને રૂમ નંબર 304 આપવામાં આવ્યો હતો અને બંને ત્યાં રોકાયા હતા.

રાત્રિના સમય દરમિયાન પડી જવાના કારણે ઈજાઓ થતા ગુલામ મુસતુફાની તબિયત લથડયા તેનું મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ થતાં રાવપુરા પોલીસની ટીમ સાથે પીઆઈ અને એસીપી પણ સ્થળ પર પહોંચ્યા હતા અને સમગ્ર ઘટનાની તપાસ શરૂ કરી હતી. પ્રાથમિક તપાસમાં યુવક નશાની હાલતમાં હોવાની અને પડી જવાથી તેને માથામાં ગંભીર ઈજા અથવા બ્રેઈન હેમરેજ થયું હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.

જોકે મૃતકના શરીર પર કોઈ સ્પષ્ટ ઈજાના નિશાન મળ્યા નથી. સાથે જ તેની સાથે રહેલા 31 વર્ષીય યુવકને પણ કોઈ ઈજા થઈ નથી. જેથી મોતનું ચોક્કસ કારણ જાણવા પોલીસે મૃતદેહનો કબજો મેળવી પોસ્ટમોર્ટમ માટે એસએસજી હોસ્પિટલ ખસેડ્યો છે. એસીપી અશોક રાઠવાએ જણાવ્યું હતું કે પાણીગેટ વિસ્તારમાં રહે તો યુવક ગુલામ મુસ્તફા ગે હોય યુવકો ડેટિંગ એપના માધ્યમથી કિશન વસાવા પણ ગે હોય તેના સંપર્કમાં આવ્યા હતા અને રાત્રે હોટલમાં રોકાયા હતા. ગુલામ મુસ્તુફા પડી જવાના કારણે બ્રેઈન હેમરેજ થયું હોવાના કારણે મોત નિપજ્યુ હોવાની પ્રાથમિક આશંકા છે. જોકે પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ જ મોતનું ચોક્કસ કારણ સ્પષ્ટ થશે. પોલીસે પરિવારજનોને પણ ઘટનાની જાણ કરી વધુ તપાસ હાથ ધરી છે.






### દાંડિયાબજારની વિન્ટેજ હોટલ પર ટોળાં જામતાં પોલીસ કાફલો દોડી આવ્યો



દાંડિયાબજાર મુખ્ય માર્ગ પર આવેલી વિન્ટેજ હોટલમાં યુવકનો મૃતદેહ મળી આવ્યો હોવાની વાત શહેરમાં વાયુવેગે ફેલાતાં હોટલ બહાર લોકોનાં ટોળાં એકત્ર થઈ ગયાં હતાં. ઘટનાની જાણ થતાં રાવપુરા પોલીસ સહિત ઉચ્ચ અધિકારીઓનો કાફલો તાત્કાલિક સ્થળે દોડી આવ્યો હતો. પોલીસે હોટલમાં તપાસ હાથ ધરી સમગ્ર પરિસ્થિતિ કાબૂમાં લીધી હતી. ઘટનાને પગલે વિસ્તારમાં ભારે ચકચાર મચી હતી.

### પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ મોતનું કારણ જાણી શકાશે

રાવપુરા પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી મોતનું ચોક્કસ કારણ જાણવા કાર્યવાહી હાથ ધરી છે. મૃતક સાથે આવેલા ગુલામ મુસ્તફા ઉપરાંત કિશન વસાવા તથા હોટલના કેટલાક કર્મચારીઓને પોલીસ સ્ટેશન લઈ જઈ પૂછપરછ કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. પોલીસ દ્વારા તમામનાં નિવેદનો નોંધવામાં આવી રહ્યાં છે. પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ મોત અંગે વધુ હકીકતો બહાર આવે તેવી શક્યતા છે.

### ડેટિંગ એપ મારફતે સંપર્કમાં આવ્યા બાદ અગાઉ પણ એકવાર બંને મળ્યા હતા

ગુલામ મુસ્તફા અને કિશન વસાવા ડેટિંગ એપ મારફતે સંપર્કમાં આવ્યા હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે. બંને અગાઉ પણ આ જ હોટલમાં મળ્યા હોવાનું જાણવા મળ્યું છે. મંગળવારે રાત્રે બંને ફરી વિન્ટેજ હોટલમાં આવ્યા હતા અને રૂમ લીધો હતો. ત્યારબાદ યુવકની તબિયત લથડતાં તે પડી ગયો હોવાની પ્રાથમિક માહિતી મળી છે. માથામાં ગંભીર ઇજા થવાના કારણે મોત થયા હોવાનું મિત્ર જણાવી રહ્યો છે.

### મૃતક અને તેની સાથે રહેલા યુવકના મોબાઈલ ફોન કબજે

પોલીસની પ્રાથમિક તપાસમાં યુવક પડી જતાં માથામાં ગંભીર ઈજા થઈ હોવાની માહિતી સામે આવી છે. જોકે, તે સમયે યુવકે કોઈ નશો કર્યો હતો કે કેમ તે સહિતની બાબતોની તપાસ માટે પોલીસે જરૂરી સેમ્પલ મેળવી ચકાસણીમાં મોકલ્યા છે. મૃતક અને તેની સાથે રહેલા યુવકના મોબાઈલ ફોન પણ પોલીસે કબજે કર્યા હોવાનું જાણવા મળ્યું છે.

### વાયગ્રા લીધી હોવાની આશંકા અંગે પણ તપાસ

પોલીસ તપાસ દરમિયાન બંને યુવકોએ વાયગ્રા જેવી દવા લીધી હોવાની આશંકા પણ વ્યક્ત કરવામાં આવી રહી છે. જોકે, આ બાબતની સત્તાવાર પુષ્ટિ હજુ થઈ નથી. દવાના સેવન અને તેના કારણે કોઈ પ્રતિકૂળ અસર થઈ હતી કે કેમ તે જાણવા પોલીસે સેમ્પલ FSLમાં મોકલ્યા છે. પોસ્ટમોર્ટમ, FSL રિપોર્ટ, મોબાઈલ તપાસ અને બંને યુવકો સાથેના સંપર્કની વિગતોના આધારે રાવપુરા પોલીસ સમગ્ર મામલે વધુ તપાસ કરી રહી છે.

### પટિયાલા હાઉસ કોર્ટે તમામ આરોપોમાંથી મુક્ત કરી મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો

# ૨૨ વર્ષ જૂના કેસમાં ભૂતપૂર્વ ક્રિકેટર જેકબ માર્ટિનનો નિર્દોષ છુટકારો

**બનાવટી** યુકે ઇમિગ્રેશન સ્ટેમ્પ અને મુસાફરીની વ્યવસ્થાના આક્ષેપો પુરવાર ન થતા મુક્ત થયા

(પ્રતિનિધિ) વડોદરા તા 19

ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર જેકબ જે. માર્ટિનને 22 વર્ષ જૂના ફોજદારી કેસમાં પટિયાલા હાઉસ કોર્ટે તમામ આરોપોમાંથી નિર્દોષ જાહેર કર્યા છે. 2004માં આઈજીઆઈ એરપોર્ટ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા એફઆઈઆર પરથી શરૂ થયેલી કાનૂની કાર્યવાહીનો હવે અંત આવ્યો છે. માર્ટિન સામે બનાવટી યુકે ઈમિગ્રેશન સ્ટેમ્પ અને મુસાફરીની વ્યવસ્થાના આરોપો મૂકવામાં આવ્યા હતા. પરંતુ કોર્ટે તમામ આરોપોમાથી પૂર્વ ક્રિકેટરને મુક્ત કરતા તેમને હસકાર થયો છે. કથિત મુસાફરીની વ્યવસ્થા અને બનાવટી યુકે ઈમિગ્રેશન સ્ટેમ્પ સાથે માર્ટિનનો સંબંધ હોવાના આક્ષેપો કરવામાં આવ્યા હતા. જોકે, કોર્ટ સમક્ષ રજૂ થયેલા પુરાવાઓની તપાસ બાદ પ્રોસિક્યુશન માર્ટિન વિરુદ્ધનો કેસ સાબિત કરવામાં નિષ્ફળ રહ્યું હોવાનું કોર્ટે નોંધ્યું હતું. માર્ટિન સાથે કોઈ વિશ્વસનીય નાણાકીય લેવડદેવડ, આજવા સ્પોર્ટ્સ ક્લબની માલિકી અથવા નિયંત્રણ તથા કથિત બનાવટી ઈમિગ્રેશન સ્ટેમ્પની વ્યવસ્થા સાથે તેમનો વિશ્વસનીય સંબંધ સ્થાપિત થયો નહોતો. કેસના કેટલાક જાહેર સાક્ષીઓ અગાઉના નિવેદનોથી ફરી ગયા હતા, જ્યારે લાંબો સમય પસાર થવાને કારણે કેટલાક સાક્ષીઓ માર્ટિનને ઓળખી પણ શક્યા નહોતા. અંતે કોર્ટે પ્રોસિક્યુશનનો કેસ પુરાવાના અભાવે સાબિત ન થતાં જેકબ માર્ટિનને તમામ આરોપોમાંથી નિર્દોષ મુક્ત કર્યા હતા.કોર્ટના ચુકાદા બાદ જેકબ માર્ટિન માટે બે દાયકાથી વધુ સમયથી ચાલી રહેલી કાનૂની કસોટીનો અંત આવ્યો છે.

કેસની સુનાવણી દરમિયાન પ્રોસિક્યુશન દ્વારા રજૂ કરવામાં આવેલા દસ્તાવેજો અને સાક્ષીઓના નિવેદનોનું કોર્ટ દ્વારા વિગતવાર મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. જોકે, માર્ટિનને કથિત ગુનાહિત પ્રવૃત્તિ સાથે સીધી રીતે જોડે તેવા પૂરતા અને વિશ્વસનીય પુરાવા રજૂ થઈ શક્યા નહોતા. લાંબા સમય સુધી કેસ પેન્ડિંગ રહેવાને કારણે સાક્ષીઓના નિવેદનોમાં પણ મુશ્કેલી ઊભી થઈ હતી. કોર્ટના નિર્ણયથી માર્ટિનને કાનૂની રીતે મોટી રાહત મળી છે અને વર્ષ 2004થી ચાલી રહેલા કેસનો હવે અંત આવ્યો છે.

## ST મુસાફર પાસમાં મોટી રાહત, ૫૦% સુધી ભાડું ઘટ્યું

(પ્રતિનિધિ) વડોદરા, તા.19

રોજિંદા અપડાઉન કરતા મુસાફરોને GSRTC દ્વારા મોટી રાહત આપવામાં આવી છે. દૈનિક મુસાફર પાસ યોજનામાં ભાડા રાહત વધારીને 50 ટકા સુધી કરવામાં આવી છે. નવા નિયમ મુજબ હવે ઓછા ભાડામાં વધુ દિવસ મુસાફરીનો લાભ મળશે.

અગાઉ માસિક પાસ માટે 18 દિવસનું ભાડું ચૂકવવું પડતું હતું, જ્યારે હવે માત્ર 15 દિવસનું ભાડું ભરીને 30 દિવસ સુધી મુસાફરી કરી શકાશે. તેવી જ રીતે ત્રિમાસિક પાસ માટે અગાઉ 54 દિવસનું ભાડું હતું, જે હવે ઘટાડી 45 દિવસ કરવામાં આવ્યું છે. આથી 45 દિવસના ભાડામાં 90 દિવસ સુધી ST બસમાં મુસાફરી કરી શકાશે. નિગમના આ નિર્ણયથી રાજ્યના 2.5 લાખથી વધુ નોકરિયાતો તથા રોજિંદા મુસાફરોને સીધો લાભ મળશે. નોકરી અને અભ્યાસ માટે અપડાઉન કરતા મુસાફરો માટે આ યોજના ખાસ રાહતરૂપ બનશે.

### સુરતની ઘટના બાદ વડોદરામાં ફૂડ વિભાગ એલર્ટ

## સમા-સાવલી રોડની ‘હરિ ઓમ કાઠિયાવાડી’માં ગંદકી મળતાં સીલ

**હરિ** ઓમ દાલ બાટી’માં ક્ષતિઓ સુધારવા તાકીદ

(પ્રતિનિધિ) વડોદરા

સુરતમાં તાજેતરમાં બનેલી ફૂડ પોઈઝનિંગની ઘટના બાદ રાજ્ય સરકારના આદેશથી વડોદરા આરોગ્ય વિભાગ એલર્ટ મોડ પર આવી ગયો છે. ખાદ્યપદાર્થોની ગુણવત્તા અને સ્વચ્છતા ચકાસવા શહેરના વિવિધ વિસ્તારોમાં સરપ્રાઈઝ ચેકિંગ શરૂ કરવામાં આવ્યું છે.

ઝુંબેશ દરમિયાન આરોગ્ય વિભાગની ટીમે સમાસાવલી રોડ પર આવેલી ‘હરિ ઓમ કાઠિયાવાડી’ રેસ્ટોરન્ટમાં અચાનક તપાસ હાથ ધરી હતી. રસોડામાં ભારે ગંદકી જોવા મળતાં તથા આરોગ્યલક્ષી નિયમોનું ઉલ્લંઘન જણાતાં તંત્રએ કડક કાર્યવાહી કરી હતી. ગંભીર બેદરકારી બદલ રેસ્ટોરન્ટને તાત્કાલિક અસરથી એક દિવસ માટે સીલ કરવાનો આદેશ




આપવામાં આવ્યો છે.

આરોગ્ય વિભાગના અધિકારીઓના જણાવ્યા મુજબ, વડોદરા શહેરના ચારેય ઝોનમાં ફૂડ સેફ્ટી ઓફિસરોની વિશેષ ટીમો કાર્યરત છે. ખાદ્યપદાર્થોની ગુણવત્તા સાથે ચેડાં કરનાર તથા સ્વચ્છતાના નિયમોનું પાલન નહીં કરનાર વેપારીઓ સામે કોઈ પણ પ્રકારની બાંધછોડ કરવામાં નહીં આવે. આગામી દિવસોમાં પણ ચેકિંગ અને કાર્યવાહી વધુ સઘન બનાવાશે.

### નવ કૃત્રિમ તળાવ તૈયાર, ફાયર રેસ્ક્યૂ ટીમ અને પોલીસ બંદોબસ્ત સાથે સુરક્ષાનું આયોજન

# રોડની કામગીરીમાં બેદરકારી મુદ્દે સ્થાનિક રહીશોનો ઉગ્ર વિરોધ : મ્યુ. કમિશનરને ઘેર્યા

**‘માત્ર** પેચવર્ક કરવાથી રસ્તાની મૂળ સમસ્યા દૂર નહીં થાય, કાયમી ઉકેલ લાવ’ રહીશોની માગ

(પ્રતિનિધિ) વડોદરા, તા.19

વડોદરા શહેરમાં પાલિકાની વિવિધ કામગીરીને લઈને એક તરફ સ્થાનિકોમાં અસંતોષ જોવા મળી રહ્યો છે, તો બીજી તરફ દશામા વિસર્જન પર્વને લઈને મનપા દ્વારા તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. રસ્તાના પેચવર્કની કામગીરીનું નિરીક્ષણ કરવા પહોંચેલા મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુને સ્થાનિકોના વિરોધનો સામનો કરવો પડ્યો હતો.

બિસ્માર રસ્તાઓની મરામત માટે ચાલી રહેલા પેચવર્કની કામગીરીનું નિરીક્ષણ કરવા કમિશનર સ્થળ પર પહોંચ્યા હતા. આ દરમિયાન મોટી



સંખ્યામાં સ્થાનિકો એકત્ર થઈ ગયા હતા અને કામગીરીની ગુણવત્તા સામે સવાલો ઉઠાવ્યા હતા. માત્ર પેચવર્ક કરવાથી રસ્તાની મૂળ સમસ્યા દૂર નહીં થાય તેમ જણાવી રહીશોએ કાયમી ઉકેલની માંગ કરી હતી.

બીજી તરફ, દશામાની પ્રતિમાઓના સુરક્ષિત વિસર્જન માટે મનપાએ શહેરમાં નવ કૃત્રિમ તળાવ તૈયાર કર્યા છે. સાઉથ ઝોનમાં તરસાલી, મકરપુરા અને માંજલપુર, વેસ્ટ ઝોનમાં ભાયલી દશામા તળાવ અને ભીલમડી સ્મશાન નજીક તથા ઈસ્ટ ઝોનમાં હરણી સ્કલ્પચર પાર્ક, કિશનવાડી અને લેપ્રસી ગ્રાઉન્ડ ખાતે તળાવ તૈયાર કરાયા છે.

કમિશનર તથા જોઈન્ટ પોલીસ કમિશનર નિલેશ જાજડિયાએ સ્થળોની મુલાકાત લઈ વ્યવસ્થાનું નિરીક્ષણ કર્યું હતું. તળાવોમાં HDPE શીટ લાઈનિંગ, બેરિકેડિંગ અને લાઈટિંગની વ્યવસ્થાની સમીક્ષા કરવામાં આવી હતી. કામમાં કચાશ જણાતાં કોન્ટ્રાક્ટરને ગુણવત્તાસભર કામગીરી સમયસર પૂર્ણ કરવા તાકીદ કરાઈ હતી.

# NHAIએ ટોલ પ્લાઝા પર શરૂ કરી FASTag લોકલ પાસની સુવિધા

**હાઇવે** યાત્રા એપથી ઘરે બેઠા બનશે માસિક પાસ, ૨૦ કિમીની ત્રિજ્યામાં રહેતા લોકોને મળશે લાભ

(પ્રતિનિધિ) વડોદરા,તા.19

રોજિંદા અપડાઉન કરતા વાહનચાલકોની સુવિધા માટે નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ મોટો નિર્ણય લીધો છે. એનએચએઆઈ એ ટોલ પ્લાઝા પર ફાસ્ટટેગ લોકલ પાસની ઓનલાઈન સુવિધા શરૂ કરી દીધી છે. આ નવી સુવિધા બાદ હવે મુસાફરોને ટોલ પર લાંબી કતારમાં ઉભા રહેવાની કે રૂબરૂ જઈને અરજી કરવાની જરૂર નહીં પડે.

નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા જાહેર કરાયેલી નવી વ્યવસ્થા મુજબ, હવે દૈનિક મુસાફરો હાઈવે યાત્રા મોબાઈલ એપના માધ્યમથી ઘરે બેઠા જ માસિક પાસ માટે અરજી કરી શકશે. સમગ્ર પ્રક્રિયા સંપૂર્ણપણે ડિજિટલ હોવાથી કોઈપણ પ્રકારના દસ્તાવેજો જમા કરાવવાની ઝંઝટ પણ નહીં રહે. આ લોકલ પાસની સુવિધા ખાસ કરીને ટોલ પ્લાઝાથી 20 કિલોમીટરની ત્રિજ્યામાં રહેતા લોકો માટે છે. એક વખત પાસ બનાવ્યા બાદ તે એક મહિના સુધી માન્ય રહેશે. આ સમય દરમિયાન પાસ ધારક તે ચોક્કસ ટોલ પ્લાઝા પરથી અમર્યાદિત વખત મુસાફરી કરી શકશે. ઉલ્લેખનીય છે કે આ પ્રકારની ડિજિટલ લોકલ પાસ સુવિધાની શરૂઆત સૌપ્રથમ જુલાઈ 2026માં દિલ્હીના મુંડકા-બક્કરવાલા ટોલ પ્લાઝા ખાતે કરવામાં આવી હતી. તેના સકારાત્મક પરિણામો બાદ હવે તેને દેશના અન્ય 121 ટોલ પ્લાઝા પર લાગુ કરવામાં આવી છે. એનએચએઆઈ દ્વારા જણાવવામાં આવ્યું છે કે ટેકનોલોજીના માધ્યમથી ટોલ કામગીરીમાં પારદર્શિતા લાવવા અને મુસાફરીને સરળ બનાવવાના હેતુથી આ પગલું લેવામાં આવ્યું છે.

### ૫૦ ટકા હિસ્સો આપવાની વાત કરી વિશ્વાસમાં લીધા બાદ ખેલ પાડયો

# રૂ.૩ કરોડના રોકાણની લાલચમા પૂર્વ કોર્પોરેટર અને તેમના ભાઈની મિલકત લોનમાં સલવાઈ

**હાલ મુકેશ** પંચાલે મેનપાવરના ધંધાના નામે બે મિલકતો પર રૂ.૭.૪૭ કરોડની લોન લીધી, રૂ.૨.૪૫ કરોડ બારોબાર ચાઉ કર્યા

(પ્રતિનિધિ) વડોદરા તા.19

મેનપાવર અને ક્લીનિંગના વ્યવસાયમાં રોકાણના નામે કરોડોની મિલકતો પર લોન મેળવી તેમાંથી રૂ.2.45 કરોડ અંગત ઉપયોગમાં વાપરી નાખ્યાનો આક્ષેપ સામે આવ્યો છે. માંજલપુરના પૂર્વ કોર્પોરેટર કલ્પેશ પટેલે મુકેશ પંચાલ સામે ફરિયાદ કરી છે. ફરિયાદ મુજબ, રૂ.3 કરોડના રોકાણ સામે દર મહિને રૂ.6 લાખ રિટર્ન અને નફામાં 50 ટકા હિસ્સો આપવાની ખાતરી આપી વિશ્વાસમાં લેવામાં આવ્યા હતા.

ફરિયાદ મુજબ, પંચાલ અંશ ગ્રુપના નામે ક્લીનિંગ અને મેનપાવર સપ્લાયનો વ્યવસાય કરતો હતો અને વ્યવસાયના વિસ્તરણ માટે નાણાંની જરૂર હોવાનું જણાવ્યું હતું. ત્યારબાદ ‘આશ્રય અંશ ફેસિલિટી એન્ડ મેનપાવર સર્વિસિસ’ નામે એલએલપી કંપની શરૂ કરવાની પ્રક્રિયા હાથ ધરાઈ હતી. તેમાં કલ્પેશ પટેલના પુત્ર મૌર્ય પટેલ તથા પંચાલના સાળા ઉર્મીલ પંચાલને ભાગીદાર બનાવવાની વાત થઈ હતી.

વ્યવસાય માટે નાણાં ઊભા કરવા પટેલ અને તેમના પિતરાઈ ભાઈની મિલકતો પર લોન લેવાનું નક્કી થયું હતું. 24 નવેમ્બર 2025ના રોજ તૈયાર કરાયેલા એમઓયુ મુજબ થુવાવીની જમીન પર રૂ.3.87 કરોડ અને હરીદર્શન બંગલા પર રૂ.3.60 કરોડની લોન લેવાની હતી. જૂની લોન ટેકઓવર કર્યા બાદ બાકી રકમ વ્યવસાયમાં રોકી મિલકતોના રિવર્સ દસ્તાવેજ કરવાની શરત હોવાનો દાવો છે.

ફરિયાદ મુજબ, હરીદર્શન બંગલા પરની લોનમાંથી રૂ.1.62 કરોડ ફરિયાદીના ખાતામાં અને રૂ.1.98 કરોડ પંચાલના ખાતામાં જમા થયા હતા. થુવાવીની મિલકતની લોનમાંથી પણ વિવિધ રકમો અન્ય ખાતામાં ટ્રાન્સફર થઈ હતી. બંને મિલકતોની લોનમાંથી રૂ.2.45 કરોડ અંગત ઉપયોગ અને અગાઉની લોન ભરપાઈમાં વપરાયાનો આક્ષેપ છે.

પોલીસ દ્વારા હવે લોન દસ્તાવેજો, બેંક ટ્રાન્ઝેક્શન, એમઓયુ, સીસીટીવી ફૂટેજ અને મોબાઈલ ચેટની તપાસ કરવામાં આવશે.

### નોટિસ આપવા છતાં કામગીરી ન થતાં બંને પ્રોજેક્ટના કરાર પણ રદ કરાયા

# રાજસ્થાનના ૩ સરકારી પ્રોજેક્ટમાં રૂ.૫.૯૧ કરોડની ગેરરીતિનો આક્ષેપ, ચાર ડિરેક્ટર સામે ફરિયાદ

**દીનેશચંદ્ર** એકવાટેક જે.વી.ના ઓથોરાઇઝડ વ્યક્તિએ વિનેશ ભારતી ગોસ્વામીની બે કંપનીના ચાર ડિરેક્ટરો સામે કાયદેસરની તપાસની માંગ

(પ્રતિનિધિ) વડોદરા તા.19

વડોદરામાં રહેતા દીનેશચંદ્ર એકવાટેક જે.વી.ના ઓથોરાઈઝ્ડ કર્મચારીએ રાજસ્થાન સરકારના ત્રણ પ્રોજેક્ટમાં રૂ.5.91 કરોડની નાણાકીય ગેરરીતિ અને કંપનીને નુકસાન પહોંચાડવાના આક્ષેપ સાથે ગોત્રી પોલીસ સ્ટેશનમાં ચાર ડિરેક્ટરો સામે ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદ મુજબ, વિનેશ ભારતી રવજીભારતી ગોસ્વામી વર્ષ 2023થી કંપનીમાં ઓથોરાઈઝ્ડ પર્સન તરીકે કાયદાકીય અને વહીવટી કામગીરી સંભાળે છે. કંપનીને વર્ષ 2023માં શ્રીગંગાનગર, ગંગાપુર સિટી અને સવાઈ માધોપુરમાં ગટરલાઈનના પાણીના વિભાજન માટે પ્લાન્ટ બનાવવાના કોન્ટ્રાક્ટ મળ્યા હતા. કંપનીએ ગંગાપુર સિટી અને સવાઈ માધોપુરનું કામ ટર્બોટેક ઈન્ફ્રાનેટ પ્રા.લિ. તથા શ્રીગંગાનગરનું કામ સીનર્જેઝ સોલ્યુશન પ્રા.લિ.ને સબ-કોન્ટ્રાક્ટ આપ્યું હતું.

ફરિયાદ મુજબ, શ્રીગંગાનગરનું કામ શરૂ ન થતાં વારંવાર નોટિસ છતાં કામગીરી ન કરાતા 14 જૂન 2025ના રોજ કરાર રદ કરાયો હતો. ગંગાપુર સિટી અને સવાઈ માધોપુરનું કામ પણ અધૂરું રહેતાં બંને કરાર રદ કરવામાં આવ્યા હતા.

આ દરમિયાન ગંગાપુર સિટી પ્રોજેક્ટની રકમ ટર્બોટેકના બદલે સીનર્જેઝના ખાતામાં જમા થઈ હોવાનું ધ્યાનમાં આવ્યું હતું. સીનર્જેઝે તેને ક્લેરિકલ મિસ્ટેક ગણાવી રકમ ટ્રાન્સફર કરવાની ખાતરી આપી હતી, પરંતુ કાર્યવાહી ન થઈ હોવાનો આક્ષેપ છે.

ફરિયાદમાં સવાઈ માધોપુર અને ગંગાપુર સિટી માટે માલસામાન ખરીદી તથા સોલાર પેનલના નામે કરોડોની રકમના વ્યવહારોમાં ગેરરીતિનો આક્ષેપ કરવામાં આવ્યો છે. સમગ્ર મામલે કંપનીને રૂ.5.91 કરોડનું નુકસાન થયું હોવાનો દાવો છે. ગોત્રી પોલીસે સીનર્જેઝના મૌનેશ પંડ્યા, હર્ષાબેન પંડ્યા તથા ટર્બોટેકના કૈલાશચંદ્ર લોહિયા અને દિશા લોહિયા સામે તપાસ શરૂ કરી છે.

# સૂર્યનગર બાયપાસ પાસે શ્રમિકના પુત્રનું રહસ્યમય મોત

**મંદિરે** પ્રસાદ લેવા નીકળેલો ૬ વર્ષીય દિવ્યેશ પાંચ જ મિનિટમાં મૃત હાલતમાં મળ્યો

(પ્રતિનિધિ) વડોદરા. તા.૧૯

શહેરના સૂર્યનગર બાયપાસ વિસ્તારમાં એક અત્યંત હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. એસ.આર. બાયોગેસ કંપની નજીક મજૂરી કામ કરતા પરિવાર સાથે આવેલા ૬ થી ૭ વર્ષના માસૂમ બાળકનું શંકાસ્પદ અને કરુણ મોત નીપજ્યું છે. આ અચાનક બનેલી દુર્ઘટનાથી સમગ્ર પરિવાર પર દુ:ખનો પહાડ તૂટી પડ્યો છે અને આખો વિસ્તાર શોકમાં ગરકાવ થઈ ગયો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, મૃતક બાળક દિવ્યેશ રાઠવા પોતાના માતા-પિતા સાથે સૂર્યનગર બાયપાસ વિસ્તારમાં એસ.આર. બાયોગેસ કંપની પાસે આવેલા મજૂરી કામના સ્થળે આવ્યો હતો. રમતો રમતો આ માસૂમ બાળક પોતાની માતા પાસે નજીકમાં આવેલા એક મંદિરે જઈને પ્રસાદ લેવા માટે નીકળ્યો હતો. બાળક માતાથી છૂટો પડીને મંદિર તરફ ગયો, પરંતુ કાળની કોઈ અગમ્ય ક્રિયા હોય તેમ માત્ર પાંચ જ મિનિટના ટૂંકા સમયગાળામાં પરિસ્થિતિ બદલાઈ ગઈ હતી.

માતાએ થોડીવાર પછી બાળકને શોધવાની શરૂઆત કરતા તે થોડે દૂર ગંભીર રીતે ઈજાગ્રસ્ત હાલતમાં જમીન પર પડેલો મળી આવ્યો હતો. પુત્રની આ હાલત જોઈને માતા-પિતાના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. પરિવારજનો દ્વારા ત્વરિત ધોરણે ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરીને બાળકને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જો કે, હોસ્પિટલ પહોંચતા જ ફરજ પરના તબીબોએ માસૂમ દિવ્યેશને તપાસીને મૃત જાહેર કર્યો હતો.

### ચાલુ વર્ષે ૬.૪ હજારથી વધુ લોકોને હડકવાની રસી મૂકાવવી પડી

# રખડતા કૂતરાઓનો ત્રાસ વધતાં VMC દ્વારા વસ્તી ગણતરી હાથ ધરાશે

**ચોક્કસ** આંકડા આધારે ખસીકરણનું પ્લાનિંગ કરાશે

(પ્રતિનિધિ) વડોદરા તા.19

સંસ્કારી નગરી વડોદરામાં છેલ્લા કેટલાક સમયથી રખડતા કૂતરાઓનો ત્રાસ અને આતંક સતત વધી રહ્યો છે. શેરીઓ, મહોલ્લાઓ અને મુખ્ય માર્ગો પરથી પસાર થતાં વાહનચાલકો તથા રાહદારીઓ પર કૂતરાઓના હુમલાના બનાવો વધી રહ્યા છે. આ ગંભીર સમસ્યાને ધ્યાને રાખીને વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન આખરે એક્શન મોડમાં આવ્યું છે અને શહેરમાં મુક્ત રીતે ફરતા રખડતા કૂતરાઓની ચોક્કસ વસ્તી ગણતરી કરવાનો મહત્વનો નિર્ણય લીધો છે.

મળેલી વિગતો અનુસાર, વડોદરા કોર્પોરેશન દ્વારા શહેરમાં રખડતા



કૂતરાઓની વાસ્તવિક સંખ્યા જાણવા માટે વૈજ્ઞાનિક ઢબે વસ્તી સર્વે હાથ ધરવામાં આવશે. આ ખાસ ઝુંબેશ માટે કોર્પોરેશને સંબંધિત સરકારી સત્તાધિકારી પાસેથી માન્ય નોંધણી અને લાઈસન્સ ધરાવતી સક્ષમ તથા અનુભવી સંસ્થાઓ પાસેથી ટેન્ડર મંગાવવાની પ્રક્રિયા શરૂ કરી દીધી છે.

આ હાથ ધરાનારા સર્વે દરમિયાન માત્ર કૂતરાઓની સંખ્યા જ નહીં પરંતુ તેમની વસ્તીની ગતિશીલતા, વિસ્તારો અને ઘનતા સહિતની મહત્વપૂર્ણ વિગતો એકત્રિત કરવામાં આવશે. વસ્તી ગણતરીના આધારે જ શહેરમાં રખડતા કૂતરાઓની વસ્તી પર નિયંત્રણ મેળવવા માટે એક સુઆયોજિત, અસરકારક અને માનવતાપૂર્ણ ‘એનિમલ બર્થ કંટ્રોલ’ એટલે કે ખસીકરણ વ્યૂહરચના તૈયાર કરવામાં આવશે.

અત્રે નોંધનીય છે કે, શહેરમાં ડોગ બાઈટના બનાવો ચિંતાજનક સ્તરે પહોંચ્યા છે. ચાલુ વર્ષ દરમિયાન જ આશરે ૬,૪૬૩ જેટલા લોકો કૂતરા કરડવાને કારણે હડકવાની રસી લેવા માટે મજબૂર બન્યા છે. નાગરિકોની સુરક્ષા અને રખડતા પ્રાણીઓની સમસ્યાના કાયમી ઉકેલ માટે કોર્પોરેશન દ્વારા શરૂ કરવામાં આવેલી આ કામગીરીથી સર્વે બાદ જ કૂતરાઓની ચોક્કસ સંખ્યાનો આંકડો સામે આવશે, જેના આધારે આ પ્રશ્નનો ઉકેલ લાવવા આગળના પગલાં લેવાશે.